Aapdu Surat

# મારી કલમે

# “શ્રી ગણેશ”

ગણપતિ ગજાનન વિઘ્નહર્તા, એવા નામ જેમના અનેક,
ચંચળ એવું ચિત્ત જેમનું જ્ઞાન નો છે ભંડાર એક
મૂષક જેવી સવારી એવા રિદ્ધિ સિદ્ધ ના દેવ ,
શ્રદ્ધા અને આસ્થા ના પ્રતિક એવા દુઃખ હરતા સદૈવ,
શાંતિ અને સમૃદ્ધિ ની આપો વરદાન હે દેવ તમને શત શત નમન!
Nikunj Sondagar

જેનું સર્જન છે એમનુ વિસર્જન પણ નકકી જ છે,
બસ આટલુ સમજાવવા માટે વિઘ્નહર્તા પધારે છે..!!
Vipul.R.Dobariya

લાડું જેનો ભોગ છે, ઉંદર છે સવારી,
રિદ્ધિ-સિદ્ધિ ના તમે દાતા છો, દિન-દુખીયા ના ભાગ્યવિધાતા,
માતા-પિતાની સેવા જ સિદ્ધિ છે એવો બોધ આપનાર દેવો કે દેવ વક્રતુંડ
મહાકાય શ્રી ગણેશ.
Ankita Kuchhadiya

મારી બધી જ મહેનતનું ફળ મળ્યું છે,
મારા દરેક કામ સફળ થયા છે કેમ કે ,
કામની શરૂઆતમાં મેં ગણપતિબાપ્પાને યાદ કર્યા છે .
Ankita khokhar

# મારી કલમે

# “શ્રી ગણેશ”

गणपति जी हैं सबके प्यारे, शिव गौरी के राजदुलारे,
भोली और प्यारी सी सूरत, सवारी बने हैं उनकी मूषक,
मोदक उनको बहुत हैं भाते, बड़े प्यार और चाव से खाते,
देवों में वह देव हमारे,
Munisa Kadiwala

સુપકર્ણે દેવ શુભ સૌંનુ કરનાર છે,
શુભ પુજનમા પ્રથમ એમનુ સ્થાન છે,
એવા મારા સુંઢાળા વિધ્નહર્તા છે,
દેવોના દેવ મહાદેવ ના એ બાળ છે,
ઉમિયાજી માતા અને રિધ્ધિ સિધ્ધિ ના એ નાર છે,
ગણપતિ એમનુ નામ છે, એમને મારા નમન છે.
Neha chaudhari

જેમને શ્રી મદ્ ભગવદ્ ગીતા લખવામાં
પોતાની કલમને ઉભી નથી રહેવા દીધી,
એવા એક દંત દયાવાંત, વિધ્નહર્તા,
કૃપાળુ શ્રી ગણેશજી માટે ત્રીસ શબ્દો લખવા માટે
મારી જીવનરૂપી કલમ બોવ નાની પડે.
Yash Dhameliya

# મારી કલમે

# “શ્રી ગણેશ”

હે ગૌરીપુત્ર ગણેશ, વિઘ્ન હર્તા
અમને હિસા થી અહિંસા તરફ,
કુકર્મ થી સુકર્મ તરફ,
અવિવેક થી વિવેકી વર્તન તરફ,
લાલચ ભેદભાવ થી નિયમીત અને સદબુધ્ધિ તરફ લઇ જા.
Nirav Viradiya

ગણપતિ બાપ્પા એટલે બા અને પપ્પા સાથેનો ગાઢ સંબંધ,
હે ગજાનંદ સ્વાર્થભરી દુનિયામાં ગજ બની
નિ:સ્વાર્થભાવે સેવા કરવી છે મારે
બસ તું રહેજે મારી સાથે
Gayatri Umedbhai Patel

સર્વ કાર્યે પ્રથમ પૂજાઇ, શ્રી વક્રતુંડ તે નામ ધરી
રિદ્ધિ-સિદ્ધિ સહ આપ પધારો, જોવા ભક્ત ની ભક્તિ ન્યારી ;
વિઘ્નહર્તા હર લોક માં કે'વાયા, લોકો ના તમે દુ:ખ હરી
એવી શક્તિ પ્રદાન કરો, કે સેવા કરુ હું નિત્ય તમારી.
Rutvik M. Pipaliya

# મારી કલમે

# “શ્રી ગણેશ”

પ્રથમ પૂજીએ તુજને શ્રી ગણેશ દેવા, હંમેશા અમારી સાથે રેવા,
ગણેશ ઉત્સવના અવસર કાજે મોદક કેરા મીઠા લાડુ ખાવા,
વહેલા આવો મારા શ્રી ગણેશ દેવા.
Kalsariya Avanee G.
તમે મને લઈ તો જાવ છો ઢોલ નગારા સાથે
દસ દિવસ પછી ગટર,નાળા, નદીમાં જોવા મળું.
Italiya dharti

મૂષક પર બેસી પાસે રાખે તલવાર, ત્રિશૂળ અને પાશ ,
ગરીબ અમીર બધા જ રાખે એમની પાસે આશ .....
આગમન થી જેના થઈ જાય ચારે તરફ આનંદ ,
બસ એજ અમારા વિઘ્નહરતા ગજાનંદ....
ગણપતિ બાપ્પા મોરિયા.
Ansari Rukhsar Mehmood

શ્રી ગણેશ દુંદાળાને,મારા લાડીલા ગીની બાપ્પા
પાર્વતી - શિવના દુલારા ને રિદ્ધિ સિદ્ધિના દાતા,
તમ મુખ નિહાળું ને આવતા વિઘ્નોને ટાળું,
મૂષક જેવા ચંચળ મનને તમારા દ્વારે વાળું.
હે મંગલ મૂર્તિ,શુભ અવસરના પેહલા અતિથિ
કાયમ રેહજો આ ભક્તના જીવનના દ્વારપાલ.
Sabhaya Maithilaben Bipinbhai

# મારી કલમે

# “શ્રી ગણેશ”

પૂજા માં હંમેશા પ્રથમ પૂજાતા
ભક્તો હર્ષ ઉલ્લાસથી ઘરે લાવતા
અશ્રુભીની આંખે વિદાય આપતા
એવા આપણા વિઘ્નહર્તા શ્રી ગણેશ દુંદાળા
Dhruti Joshi

ગણેશ જી શીખવે છે માતા પિતા ની સેવા કેમ કરવી..
ગણેશ જી ની મુર્તિ વિસર્જન થાય તો એવુ શીખવે છે. જેની ઉત્પત્તિ છે
એનું ચોક્કસ કહી શકાય કે તેનું પણ વિસર્જન છે જ...
ગણેશ જી આપડા જીવન આવતી મુશ્કેલી તથા વિઘ્ન તેમજ આપત્કાલીન
પરિસ્થિતિ સામે લાડવા તેના વિઘ્નો નાશ કરવા આવે છે..
ગણેશ જી સ્વપ્રથમ પૂજનારો દેવ શ્રી ગણેશ છે કોઈ પણ સારા કાર્ય માં
પહેલા તેને યાદ કરવામાં આવે છે..તેથી મને ગણેશ અત્યંત પ્યારા મારા
માટે દેવ છે.....
પ્રહલાદ રાજપરા

ગણેશ એ ગણેશ. જે ડરાવે નહીં ડરને જ હટાવે એ ગણેશ.
દુનિયા ના ચક્કર છોડી માતા પિતા ને જ દુનિયા બનાવે એ ગણેશ .
sharp mind અને સ્થિરતા નું fusion એ ગણેશ.
એના મોટા કાન જાણે સારા listener બનવાની સલાહ આપે એ ગણેશ.
best writer અને thinker એ ગણેશ.
Jasoliy Nikita

# મારી કલમે

# “શ્રી ગણેશ”

આવ્યો છે તમારો ઉત્સવ આજે ગણપતિ પધારો રે,
અર્ધ માનવ 'ને અર્ધ પશુમુખે આજે વિનાયક પધારો રે.

કાયા વિશાળ 'ને વાહન સૂક્ષ્મ! પ્રભુ કેવો છે તમારો તાલ મેલ,
માતાની સેવામાં પિતાથી અજાણ આજે એકદંત પધારો રે.

પિતા પહેલા પણ પુત્ર પૂજાય એવી છે કપિલ ખ્યાતિ તમારી,
"રવિ"ના રુદિયાના હાર આજે વિઘ્નહર્તા પધારો રે....
Ravi Kalathiya

ગણેશા,
તમારી પ્રથમ આરતીથી લઇને,
દિલમાં પ્રથમ સ્થાન તમારું.
હરકાર્યની શરૂઆતમાં પ્રથમ નામ તમારું.
Vaibhav Dholariya

वक्रतुण्ड महाकाय सुर्यकोटि समप्रभ निर्विघ्नं कुरु मे देव सर्व कार्येषु सर्वदा
માત પિતા ની ત્રણ પરિક્રમા કરી જેને આપ્યું સમગ્ર સૃષ્ટી ને " માતૃ પિતૃ દેવો "
નું જ્ઞાન
શુભ કાર્ય માં અપાય છે જેને પ્રથમ સ્થાન.
જેની વિકરાળ અદભૂત બુદ્ધિ સામે નાના લાગે છે એના કાન.
જેની સવારી છે મૂષક અને દુંદાળી છે ફાંદ.
એ જ મારા વિઘ્નહર્તા ગણેશ ભગવાન.
Riddhi Soni

# મારી કલમે
# “શ્રી ગણેશ”

ગજબદન બુદ્ધિ વિધાતા, રિદ્ધિ સિદ્ધિ નો ઉતારો બાપા.
મંગલકારી સ્મરણ જેનું, ઉમિયાનો દુલારો બાપા.
વિશાળ લોચન કરુણા ભરેલા, તિમિર હરવા પધારો બાપા.
ગણનાયક એ દુંદાળા દેવ, બળ બુદ્ધિનો ખજાનો બાપા.
Thummar Komal

પ્રથમ નમુ એવા શ્રી ગણેશને,
કર્યું આહવાહન વ્યાસજીએ શ્રી ગણેશને,
થયા અમર ગીતાજી કાગળ પર પધારીને,
સાચી સેવા માતા-પિતાના ચરણોમાં કીધી,
માતાનો આદેશ ફળે પરવા ન જીવની કીધી,
પ્રથમ નમુ એવા શ્રી ગણેશને...
-જયદીપ કાનાણી